


## પ્રેરણાની અદ્‌ભુત શક્તિ !

એક નાનકડો છોકરો તેની સ્કૂલમાં ફૂટબૉલની પ્રેક્ટિસ કરવા નિયમિત આવે. પરંતુ સ્કૂલની ટીમમાં રીઝર્વ ખેલાડીથી આગળ તેનો કયારેય સમાવેશ થયેલો નહીં. એ રમતો ત્યારે એના પિતા એની રાહ જોતા મેદાનમાં ખૂણામાં બેસી રહેતા.

આંતર–શાળાકીય મેચો શરૂ થઈ, પરંતુ ચાર દિવસ સુધી એ બિલકુલ ડોકાયો જ નહીં. સેમી–ફાઈનલ પણ પતી ગઈ. ત્યાં અચાનક ફાઈનલ શરૂ થવાના દિવસે એ કોચ પાસે જઈને કહે, “સાહેબ, તમે મને હંમેશાં રીઝર્વમાં જ રાખતા આવ્યા છો. મહેરબાની કરીને આજે મને ટીમમાં રમવા દો.”

કોચ કહે, “બેટા, હું તને કેવી રીતે લઈ શકું ? ટીમમાં તારા કરતાં ઘણા ચડિયાતા ખેલાડી છે અને આ તો ફાઈનલ. એવું જાખમ હું ઊઠાવી ન શકું.” છોકરો કરગર્યો, “હું વચન આપું છું કે હું તમારો વટ રાખીશ, પણ કૃપા કરીને મને રમવા દો.”

કોચે એને આ રીતે કરગરતો કદી જોયો નહોતો. એમણે કહ્યું, “ભલે, દીકરા, ત્યારે થઈ જાય! જા રમ, પણ યાદ રાખજે. આજે શાળાની આબરૂનો સવાલ છે, મને નીચો ન પાડીશ.”

રમત શરૂ થઈ અને પેલા છોકરાએ તો જાણે ચમત્કાર જ સર્જ્યો. જેટલી વાર તેની પાસે દડો આવે, તે ગોલ કરતો જ જાય. એની ટીમે જ્વલંત વિજય મેળવ્યો અને તે 'મેચનો હીરો ' જાહેર થયો.

રમત પૂરી થતાં જ કોચે એને કહ્યું, "બેટા, આજે તે આવી કમાલ શી રીતે કરી ? આવું તો આ પહેલા તું કયારેય રમ્યો નથી."

છોકરાએ જવાબ વાળ્યો, "સાહેબ, આજે મારા પિતા મને જોઈ રહ્યા હતા." કોચે પાછું વળીને જોયું. જયાં રોજ એના પિતા બેસતા ત્યાં આજે કોઈ નહોતું. તેમણે કહ્યું, "બેટા, તારા પિતા તો પેલા ખૂણે બેસતા હતા ને? પણ આજે તો ત્યાં કોઈ નથી !"

છોકરાએ કહ્યું, "સાહેબ, મારા પિતા અંધ હતા અને ચાર દિવસ પહેલાં જ તેઓ ગુજરી ગયા. આજે આ પહેલો દિવસ હતો, જયારે સ્વર્ગમાંથી તેઓ મને જોઈ રહ્યા હતા! મારે આજે એમને બતાવી આપવું હતું કે હું પણ જીતી શકું છું !"

પ્રેરણાની શકિત કેવાં અદ્‌ભુત પરિણામો લાવી શકે છે, એનું આ એક અનુપમ દૃષ્ટાંત છે ! જીવનમાં સફળતા મેળવવા માટે, પ્રેરણા એ એક મહાન પ્રેરક બળ છે!

સૌજન્ય – જીવન પ્રેરક ચિંતન રત્નો